RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 75, Dt.07-06-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સતત ૮મી વખત રેપોરેટ ૬.૫ ટકા જાળવી રાખતી RBI



## લોન ઈએમઆઈમાં કોઈ ફેરફાર નહીં થાય, વ્યાજદર યથાવતઃ ૨૦૨૫ના વર્ષમાં જીડીપી વિકાસ દર ૭.૨ ટકા રહેવાનું અનુમાનઃ બેન્ક ગ્રાહકોની સુરક્ષાને પ્રાધાન્ય અપાશેઃ તુરંતમાં ડીજીટલ પેમેન્ટ ઈન્ટેલીજન્સ પ્લેટફોર્મ લોન્ચ કરાશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સતત આઠમી વખત ધિરાણ નીતિમાં કોઈ બદલાવ કર્યો નથી અને રેપોરેટ-વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા છે. જો કે વાસ્તવિક જીડીપી વિકાસદર ૭ ટકાથી વધીને ૭.૨ ટકા થવાનો દાવો કરવામાં આવ્યો છે.

દેશમાં લોકસભાની ચુંટણીના પરિણામ બાદ તુર્ત જ યોજાયેલી રિઝર્વ બેંકની ધિરાણનીતિ સમીક્ષા બેઠકમાં વ્યાજદર વિશેના નિર્ણય પર નજર રાખવામાં આવતી હતી પરંતુ આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો ન હતો. રેપોરેટ ૬.૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે. આ સંજોગોમાં હોમલોન, ઓટોલોન કે અન્ય કોઈ લોનમાં હપ્તામાં લોકોને કોઈ રાહત નહી મળી શકે. સતત આઠ વખતથી રિઝર્વ બેંક દ્વારા વ્યાજદરમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી. રિઝર્વ બેંકના ગવર્નર શશીકાંત દાસે જણાવ્યું હતું કે માર્ચ-એપ્રિલમાં મોંઘવારી નીચી આવી હોવા છતાં ખાદ્ય ફુગાવો હજુ યથાવત છે છતાં નાણાં વર્ષ ૨૦૨૫માં જીડીપી વિકાસદર યથાવત રહેશે અને અત્યાર સુધીમાં સાત ટકાનો વિકાસદરનું અનુમાન હતું. તે હવે ૭.૨ ટકા રહેવાનો અંદાજાઈ રહ્યું છે. મોંઘવારીના દરમાં કોઈ ફેરફાર થવાની શકયતા ન હોવાનું જણાવ્યું હતું.

તેઓએ કહ્યું કે, વિકસીત અર્થતંત્ર પર વોચ રાખવાનું ચાલુ રાખવામાં આવશે છતા સાથોસાથ લોકલ પરિબળો પર નજર રખાશે. લીકવીડીટી મેનેજમેન્ટ પર પણ સતત વોચ રાખીને આર્થિક સ્થિરતાને કોઈ આંચ ન આવે તેની કાળજી રાખવામાં આવશે. ભારતની બેન્કીંગ સીસ્ટમ મજબૂત છે અને નફામાં સતત વધારો થઈ રહ્યો છે. અસુરક્ષિત ધિરાણમાં ઘટાડો પણ માલુમ પડી રહ્યો છે. ગ્રાહકોની સુરક્ષા જ રિઝર્વ બેન્કની પ્રાથમીકતા રહેશે.

તેઓએ કહ્યું કે, ચાલુ ખાતાની ખાધ પણ નિયંત્રણમાં રહેવાનું અનુમાન છે. અમુક નોન બેન્કીંગ ફાઈનાન્સીયલ કંપનીઓમાં નાની રકમની લોન પર ઉંચા વ્યાજ લેવામાં આવી રહ્યાનું ધ્યાનમાં આવ્યું છે. નાણાં વર્ષ ૨૦૨૪માં વિદેશી રોકાણ ૪૧.૬ અબજ ડોલરનું રહ્યું હતું. તેઓએ જણાવ્યું કે રિયલ ટાઈમ્સ ડેટા સેરીંગ માટે તુર્તમાં ડીજીટલ પેમેન્ટ ઈન્ટેલીજન્સ પ્લેટફોર્મ ઉભુ કરવામાં આવશે.

# નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે રવિવારે શપથગ્રહણ કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીમાં NDAની સંસદીય દળની બેઠકમાં સર્વાનુમતે ગઠબંધનના નેતા તરીકે નરેન્દ્ર મોદી ચૂંટાયા હતા. જો કે ત્યાર બાદ હવે તેમના શપથગ્રહણની તારીખ સામે આવી છે.

ભાજપના વરિષ્ઠ નેતા પ્રહલાદ જોશીએ નરેન્દ્ર મોદીના વડાપ્રધાન તરીકેના શપથગ્રહણની તારીખ જણાવી હતી. તેમણે કહ્યું હતું કે ૯ જૂન, ૨૦૨૪ રવિવારના રોજ સાંજે ૬ વાગ્યે આ સમારોહ યોજાશે.

મહત્વનું છે કે ૯ જૂને નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેશે ત્યારે આ શપથ ગ્રહણ સમારોહને ભવ્ય બનાવવા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેના માટે વિદેશી મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આમાં બાંગ્લાદેશ, શ્રીલંકા, ભૂટાન, નેપાળ અને મોરેશિયસના ટોચના નેતાઓ સામેલ થવાની શક્યતા છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેના મીડિયા વિભાગે કહ્યું



કે 'વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિને શપથગ્રહણ સમારોહ માટે આમંત્રણ આપ્યું છે અને વિક્રમસિંઘેએ તે આમંત્રણનો સ્વીકાર્ય કર્યો છે.' આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના સાથે ફોન પર વાત કરી હતી. રાજદ્વારી સૂત્રોએ જણાવ્યું કે 'આ વાતચીત દરમિયાન મોદીએ શેખ હસીનાને શપથ ગ્રહણ સમારોહ માટે આમંત્રણ પણ આપ્યું હતું.'

ભાજપને બહુમતી નથી મળી એટલા માટે એનડીએ ગઠબંધન હેઠળ ફરી એકવાર વડાપ્રધાન પદે મોદી બિરાજિત થવાની તૈયારી કરી રહ્યા છે. આ કડીમાં જ સંસદના સેન્ટ્રલ હોલમાં આજે એનડીએના સહયોગી દળોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પહોંચી ગયા હતા. તેઓ આજે બેઠક બાદ સરકાર રચવા માટે દાવો કરી શકે છે. તેમને એનડીએ દળના નેતા તરીકે પણ પસંદ કરવામાં આવ્યા હતા. રાજનાથ સિંહે તેમના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તમામ નેતાઓએ તેને મંજૂરી આપી હતી.

એનડીએની બેઠકમાં બિહારથી જેડીયુ લીડર તરીકે નીતીશ કુમાર અને આંધ્રપ્રદેશથી ટીડીપી પ્રમુખ ચંદ્રબાબુ નાયડુ પણ હાજર રહ્યા હતા. હાલમાં આ બંને કિંગમેકરની ભૂમિકામાં છે. આ બેઠકમાં એકનાથ શિંદે, ચિરાગ પાસવાન, જીતનરામ માંઝી જેવા અન્ય એનડીએ સહયોગીઓએ પણ હાજરી આપી હતી.

# ૧૦ વર્ષમાં વિકાસના જે કામ થયા એ તો માત્ર ટ્રેલર હતુંઃ નરેન્દ્ર મોદી

## એનડીએની બેઠકમાં મોદીએ આગામી સરકારનો એજન્ડા જણાવ્યોઃ એનડીએ દળના નેતા તરીકે નરેન્દ્ર મોદીની પસંદગી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામ આવી ગયા છે. તેના બાદથી અત્યાર સુધી સરકાર બનાવવાની કવાયત ચાલી રહી છે. ભાજપને બહુમતી નથી મળી એટલા માટે એનડીએ ગઠબંધન હેઠળ ફરી એકવાર વડાપ્રધાન પદે મોદી બિરાજિત થવાની તૈયારી કરી રહ્યા છે. આ કડીમાં જ સંસદના સેન્ટ્રલ હોલમાં આજે એનડીએના સહયોગી દળોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પહોંચી ગયા હતા. તેઓ આજે બેઠક બાદ સરકાર રચવા માટે દાવો કરી શકે છે. તેમને એનડીએ દળના નેતા તરીકે પણ પસંદ કરવામાં આવ્યા હતા. રાજનાથ સિંહે તેમના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તમામ નેતાઓએ તેને મંજૂરી આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એનડીએના તમામ સહયોગી પક્ષો અને ભાજપના કરોડો કાર્યકરોનું અભિનંદન કર્યું હતું.



એનડીએ નેતા તરીકે હું ચૂંટાયો તે બદલ આપ સૌનો આભાર. ૨૦૧૯માં એનડીએ નેતા તરીકે ચૂંટાયો ત્યારે મેં એક શબ્દ કહ્યો હતો - વિશ્વાસ. આજે દર્શાવે છે કે આપણી સૌ વચ્ચે આ વિશ્વાસ કાયમ છે. એનડીએને ૨૨ રાજ્યોમાં સરકાર બનાવી લોકોએ સેવા કરવાની તક આપી. મોદીએ કહ્યું કે મારા માટે આ ભાવુક ક્ષણ છે. દેશને આગળ લઈ જવામાં કોઈ કસર નહીં છોડીએ. એનડીએને તેમણે શુદ્ધરૂપે ઓર્ગેનિક ગઠબંધન ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે એનડીએના કેન્દ્રમાં ગરીબનું કલ્યાણ છે. સરકારની જેટલી દખલ ઓછી તેટલી લોકશાહી મજબૂત થાય છે. મારા માટે બધા એક સમાન છે. સરકાર ચલાવવા બહુમત ખૂબ જ જરૂરી છે. અમે દેશને આગળ લઈ જવામાં કોઈ કસર નહીં છોડીએ.

NDAની સંયુક્ત બેઠકમાં નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, કે 'મારા માટે ખુશીની વાત છે કે આટલા મોટા સમૂહે મારુ સ્વાગત કર્યું. જે સાથીઓ જીતીને આવ્યા તે સૌ અભિનંદનના અધિકારી છે. લાખો કાર્યકર્તાઓએ દિવસ રાત મહેનત કરી છે. આટલી ગરમીમાં પરિશ્રમ કર્યો છે. આજે હું આ સદનથી તેમને પ્રણામ કરું છું.

નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું હતું, કે 'અમે આગામી ૧૦ વર્ષમાં ગુડ ગવર્નન્સ, વિકાસ, સામાન્ય માનવીના જીવનમાં સરકારની જેટલી ઓછી દખલ હોય એ રીતે કામ કરવા માટે પ્રયાસ કરીશું. આ જ લોકતંત્રની મજબૂતાઈ છે. અમે વિકાસનો નવો અધ્યાય લખીશું. અમે સૌ સાથે મળીને વિકસિત ભારતના સપનાને સાકાર કરીશું.'

નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધતાં કહ્યું હતું, કે 'કોંગ્રેસ ૧૦ વર્ષ બાદ પણ ૧૦૦ બેઠકોના આંકડાને પાર કરી શકી નથી. ૨૦૧૪, ૨૦૧૯, ૨૦૨૪ની ચૂંટણીમાં કોંગ્રેસ જીતેલી બેઠકો ભેગી કરી નાંખો તેનાથી પણ વધારે બેઠકો ભાજપને મળી છે.

નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, કે ગઉઅને જ્યારે પણ મોકો મળે ત્યારે તે સ્થિર સરકાર સાથે દેશની સેવા કરે છે. યુપીએ ગઠબંધન કૌભાંડો માટે જાણીતું છે. નામ બદલી લેવાથી દેશ તેમના કૌભાંડોને ભૂલી નહીં જાય. ઈન્ડિયા

નરેન્દ્ર મોદીએ આગામી સરકારના વિઝનને લઈને કહ્યું હતું, કે ગઉઅ પર દેશનો અતૂટ વિશ્વાસ છે. લોકોની અપેક્ષાઓ હજુ વધશે. ૧૦ વર્ષમાં જે કામ થયા એ તો માત્ર ટ્રેલર છે. હવે આપણે હજુ તેજીથી કામ કરવું પડશે. જનતા ઈચ્છે કે આપણે જૂના તમામ રેકોર્ડ તોડી નાંખીએ. નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ગઉઅ સરકારમાં આગામી ૧૦ વર્ષમાં સુશાસન, વિકાસ, જીવનની ગુણવત્તા અને સામાન્ય લોકોના જીવનમાં સરકારી દખલગીરી ઘટાડવા પર ભાર મૂકવામાં આવશે. અમે વિકાસ, સુશાસન અને જનભાગીદારીનો નવો અધ્યાય લખીશું. આપણે સાથે મળીને વિકસિત ભારતનું સ્વપન સાકાર કરીશું.

# આવતા સપ્તાહે મેઘરાજા ગુજરાતમાં દસ્તક દેશે

## કાલે મહારાષ્ટ્ર-કર્ણાટકના સાગર કાંઠે ભારે વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ચોમાસુ ઝડપથી આગળ વધી રહ્યું છે, હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ દરમ્યાન પૂર્વ ભારત, ઉત્તરપ્રદેશ, ઉત્તર મધ્યના ઘણા ભાગોમાં લુ વરસશે અને આજે ઉત્તર-પશ્ચિમ ભારતમાં ભારે વરસાદ પણ થઇ શકે છે. આ દરમ્યાન આવતા સપ્તાહે ગુજરાતમાં ચોમાસાનું આગમન પણ નિશ્ચિત બન્યું છે.

સતત ૪૦ ડિગ્રીથી વધુ તાપમાનમાં ધગધગતા ઉત્તર ભારતને હવે જલ્દી રાહત મળે તેમ છે. ૨૫ જુન સુધીમાં ઉત્તર ભારતના મોટા ભાગના વિસ્તારમાં વરસાદ



શરૂ થઇ જશે. આ વખતે ચોમાસુ સમયસર ચાલી રહ્યું છે. હાલ દક્ષિણ અને પૂર્વોત્તર ભારત પસાર કરીને ચોમાસુ વરસાદ દક્ષિણ મહારાષ્ટ્ર સુધી પહોંચી રહ્યો છે.

આગામી સપ્તાહ સુધીમાં ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઝારખંડમાં વરસાદ શરૂ થઇ જશે. હાલ આગામી પાંચ દિવસ સુધી ઉત્તરના ઘણા ભાગોમાં લુ વરસશે. ઉત્તરપ્રદેશમાં તા.૮ સુધી લુ વરસી શકે છે. તો આઠ જુને મહારાષ્ટ્રને કર્ણાટકના કાંઠાના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરાઇ છે. મૌસમ વિભાગના જણાવ્યા મુજબ દિલ્હી સહિત એનસીઆરમાં હળવા વરસાદ સાથે વાવાઝોડુ, ગાજવીજ દેખાશે. દિલ્હી, એનસીઆરમાં વરસાદની આગાહી વચ્ચે અનેક રાજયોમાં વરસાદ અને વિજળી ગાજવાનું એલર્ટ આઇએમડીએ આપ્યું છે.જેમાં મહારાષ્ટ્ર, બંગાળ અને રાજસ્થાનના ઘણા ભાગોનો સમાવેશ થાય છે. તો પૂર્વ અને પશ્ચિમ યુપી, પૂર્વ મધ્ય પ્રદેશ અને ઝારખંડમાં હિટવેવ વરસવાનું એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. દક્ષિણ ભારતમાં આંધ્રપ્રદેશ સિવાયના ભાગોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દિલ્હી અને જયપુરમાં ગઇકાલે રાત્રે વાવાઝોડુ ફુંકાયું હતું. હવે તાપમાન ઘટે તેમ છે. વિભાગે રાજસ્થાનમાં તા.૯ સુધી આંધી, તુફાનનું એલર્ટ જાહેર કર્યુ છે. જયપુર, અજમેર, કોટા, ભરતપુરમાં ઘણી જગ્યાએ કરા પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

# ટી-૨૦ વર્લ્ડકપમાં મોટો અપસેટ સર્જાયોઃ અમેરિકાએ સુપર ઓવરમાં પાકિસ્તાનને પાંચ રનથી હરાવ્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાએ T20 વર્લ્ડ કપ ૨૦૨૪નો પહેલો મોટો અપસેટ સર્જ્યો છે. તેણે ગ્રુપ અ મેચમાં ૨૦૦૯ના ચેમ્પિયન પાકિસ્તાનને સુપર ઓવરમાં હરાવ્યું છે. આ મેચ ડલ્લાસ, ટેક્સાસના ગ્રાન્ડ પ્રાયરી સ્ટેડિયમમાં રમાઈ હતી. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને ૨૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૧૫૯ રન બનાવ્યા હતા.

કેપ્ટન બાબર આઝમે સૌથી વધુ ૪૪ રન બનાવ્યા હતા. જવાબમાં અમેરિકાની ટીમ પણ ૨૦ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૫૯ રન બનાવી શકી હતી. મૂળ ગુજરાતી, કેપ્ટન મોનાંક પટેલે સૌથી વધુ ૫૦ રન બનાવ્યા હતા. આ પછી મેચ સુપર ઓવરમાં પહોંચી હતી. સુપર ઓવરમાં પ્રથમ બેટિંગ કરતા અમેરિકાએ ૧૮ રન બનાવ્યા હતા.

જવાબમાં પાકિસ્તાનની ટીમ છ બોલમાં ૧૩ રન જ બનાવી શકી હતી. મોનાંકને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ટી-૨૦ વર્લ્ડ કપ



૨૦૨૪માં પાકિસ્તાનની આ પહેલી મેચ હતી અને અમેરિકાના ચેઝમાં મોનાંકે ૫૦ રનની ઈનિંગ રમી હતી. તે જ સમયે, સૌરભે સુપર ઓવરમાં શાનદાર બોલિંગ કરી અને પાકિસ્તાનને ૧૯ રન બનાવવા દીધા ન હતા. ડાબા હાથના મધ્યમ ઝડપી બોલર સૌરભનો જન્મ ૧૯૯૧માં મુંબઈમાં થયો હતો. તેણે ૨૦૦૮-૦૯ કૂચ બિહાર ટ્રોફીમાં છ મેચમાં 30 વિકેટ લીધી હતી. આ પછી તેને ૨૦૧૦ અંડર-૧૯ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો. વર્લ્ડ કપ પહેલા, તે દક્ષિણ આફ્રિકામાં ત્રિકોણીય શ્રેણીમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો.

આ પછી, ન્યુઝીલેન્ડમાં આયોજિત ૨૦૧૦ અંડર-૧૯ વર્લ્ડ કપમાં સૌરભ કેએલ રાહુલ, જયદેવ ઉનડકટ અને મયંક અગ્રવાલ સાથે ટીમ ઈન્ડિયાનો ભાગ હતો. બાકીના ત્રણ ખેલાડીઓએ સિનિયર ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું હતું, પરંતુ સૌરભ ચૂકી ગયો હતો.

# મોદીની નવી સરકારમાં શિવરાજસિંહ બનશે ગૃહમંત્રી, અમિત શાહને સોંપાશે સંગઠનની જવાબદારી?

## સરકારના મુખ્ય મંત્રાલયોમાં ફેરબદલ થશે : નાણા અને ગૃહ મંત્રાલયમાં નવા ચહેરાઓ જોવા મળી શકે છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિદિશામાં બમ્પર જીત બાદ શિવરાજ સિંહ ચૌહાણ દિલ્હી જશે તે નક્કી થઈ ગયું છે. ૯ જૂને તેઓ નવી સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે શપથ લેતા જોવા મળશે. શિવરાજ સિંહ ચૌહાણ માત્ર ૮ લાખથી વધુ મતોથી જીત્યા એટલું જ નહીં પરંતુ મધ્ય પ્રદેશની ૨૯ લોકસભા સીટોની હેટ્રિકમાં પણ મોટી ભૂમિકા ભજવી હતી. દિલ્હી ચૂંટણી પ્રચારમાં પણ તેમનો સ્ટ્રાઈક રેટ સારો હતો. જંગી જીત બાદ શિવરાજને ઈનામ તરીકે કેન્દ્ર સરકારમાં મોટી ભૂમિકા મળી શકે છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ખુદ પીએમ વડાપ્રધાન મોદીએ આની જાહેરાત કરી હતી. તેમની નરેન્દ્ર મોદી સરકારની કોર ટીમમાં હોવાની શક્યતા વધી ગઈ છે. એવી ચર્ચા છે કે અમિત શાહ હવે ભાજપની કમાન સંભાળશે અને શિવરાજ સિંહ ચૌહાણને ગૃહ મંત્રાલય સોંપવામાં આવી શકે છે. રાજનાથ સિંહ પણ ગૃહ મંત્રાલયના બીજા દાવેદાર છે.



મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદથી સતત ૧૮ વર્ષ સુધી મુખ્યમંત્રી રહેલા શિવરાજ સિંહ ચૌહાણ કેન્દ્રમાં જવાની અટકળો ચાલી રહી હતી. ડો.મોહન યાદવ મુખ્યમંત્રી બન્યા બાદ તેઓ દિલ્હી જશે તે નક્કી હતું. રાજ્યમાં સત્તા પરિવર્તન પછી શિવરાજ થોડા હતાશ દેખાતા હતા, પરંતુ તેમણે ટૂંક સમયમાં જ નવી ભૂમિકા માટે પોતાને તૈયાર કરી લીધા. બીજી તરફ રાજસ્થાનમાં સીએમ પદ ન મળવાને કારણે વસુંધરા રાજે ખૂબ જ નારાજ છે. શિવરાજ ન માત્ર લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર બન્યા, પરંતુ સમગ્ર રાજ્યમાં મિશન-૨૯ માટે પોતાની તાકાત લગાવી દીધી હતી. પોતાની આગવી શૈલીમાં તેમણે પાર્ટીના ઉમેદવારો માટે મત માંગ્યા હતા. તેમની મામાની છબી અને યોજનાઓની અસર લોકસભા ચૂંટણીના પરિણામોમાં પણ જોવા મળી હતી. ભાજપે સતત ત્રીજી વખત તમામ ૨૯ બેઠકો કબજે કરી છે. બીજી તરફ રાજસ્થાનમાં જૂથવાદ અને નારાજગીએ ભાજપને ૧૦ ડગલા પાછળ ધકેલી દીધો. આ રીતે શિવરાજ સિંહ ચૌહાણ ખૂબ જ ઓછા સમયમાં પીએમ મોદીના વિશ્વાસુ જનરલ તરીકે ઉભરી આવ્યા. કેન્દ્રમાં બહુમતના અભાવે નરેન્દ્ર મોદી પહેલીવાર ગઠબંધન સરકારનું નેતૃત્વ કરવા જઈ રહ્યા છે. તેમને તેમની મુખ્ય ટીમ અને મુખ્ય મંત્રાલયોમાં વિશ્વસનીય અનુભવી નેતાઓની જરૂર છે. અગાઉની સરકારમાં તેમણે ગૃહ મંત્રાલય અમિત શાહને આપ્યું હતુ ઉત્તર પ્રદેશમાં કારમી હાર બાદ અમિત શાહને સંગઠનમાં પરત મોકલવામાં આવશે તેવી માહિતી મળી રહી છે. આ બદલાવ બાદ શિવરાજ સિંહ ચૌહાણ એકમાત્ર એવા નેતા છે જેમને આ પદ મળી શકે છે. અગાઉની સરકારમાં મધ્યપ્રદેશના બે કેબિનેટ મંત્રી હતા. જ્યોતિરાદિત્ય સિંધિયા નાગરિક ઉડ્ડયન મંત્રી બન્યા અને નરેન્દ્ર સિંહ તોમરને કૃષિ મંત્રાલયની જવાબદારી મળી. માનવામાં આવે છે કે મોદી 3.0માં આ વિભાગ સહયોગીઓના ખાતામાં જઈ શકે છે.

# માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને વિશેષ કોર્ટે આપી મોટી રાહતઃ જામીન મળ્યા

## કેન્દ્રીય મંત્રી અમિત શાહ વિરુદ્ધ કથિત રીતે વાંધાજનક નિવેદનો કરવા બદલ રાહુલ ગાંધી વિરુદ્ધ સાંસદ-ધારાસભ્ય કેસની સુનાવણી મોકૂફ રખાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાહુલ ગાંધી માટે માનહાનિના કેસમાં મોટી રાહત સમાન અહેવાલ સામે આવ્યા છે. કર્ણાટક ભાજપના એમએલસી કેશવ પ્રસાદ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં વિશેષ કોર્ટે તેમને જામીન આપી દીધા છે.

:કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ વિરુદ્ધ કથિત રીતે વાંધાજનક નિવેદનો આપવા બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ MP/ MLA કોર્ટમાં ચાલી રહેલા કેસની સુનાવણી શુક્રવારે મોકૂફ રાખવામાં આવી હતી. આ માહિતી આપતા રાહુલ ગાંધીના એડવોકેટ કાશી પ્રસાદ શુક્લાએ જણાવ્યું કે સિવિલ વકીલના અવસાનને



કારણે શુક્રવારે કોર્ટમાં શોકસભા યોજાઈ હતી અને રાહુલ ગાંધીના કેસની સુનાવણી મોકૂફ રાખવામાં આવી હતી. હવે ૧૮મી જૂને સુનાવણી હાથ ધરવામાં આવશે.

રાહુલ ગાંધી ફેબ્રુઆરી મહિનામાં માનહાનિના કેસમાં કોર્ટમાં હાજર થયા હતા અને કોર્ટે તેમને જામીન આપ્યા હતા. કેન્દ્રીય મંત્રી અમિત શાહ વિરુદ્ધ કથિત રીતે વાંધાજનક નિવેદનો આપવા બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ખઙ/ ખકઅ કોર્ટમાં ચાલી રહેલા કેસની સુનાવણી શુક્રવારે મોકૂફ રાખવામાં આવી હતી.

આ માહિતી આપતા રાહુલ ગાંધીના એડવોકેટ કાશી પ્રસાદ શુક્લાએ જણાવ્યું કે સિવિલ વકીલના અવસાનને કારણે શુક્રવારે કોર્ટમાં શોકસભા યોજાઈ હતી અને રાહુલ ગાંધીના કેસની સુનાવણી મોકૂફ રાખવામાં આવી હતી. હવે ૧૮મી જૂને સુનાવણી હાથ ધરવામાં આવશે. રાહુલ ગાંધી ફેબ્રુઆરી મહિનામાં માનહાનિના કેસમાં કોર્ટમાં હાજર થયા હતા અને કોર્ટે તેમને જામીન આપ્યા હતા.

# હળવદમાં ઓછા ભાડે પેસેન્જરને રીક્ષામાં બેસાડવાનો ખાર રાખી ચાલકને ત્રણ શખ્સોએ લાફા મારી પતાવી દેવાની ધમકી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદમાં સરા ચોકડીએ બે રીક્ષા ચાલકો વચ્ચે ઓછા ભાડે પેસેન્જરને બેસાડવા બાબતે બબાલ થઇ હોય જેનો ખાર રાખી રીક્ષા ચાલકે અન્ય બે ઈસમો સાથે મળી અન્ય રીક્ષા ચાલક પ્રૌઢને ગાલ ઉપર ઝાપટ મારી પતાવી દેવાની ધમકી આપતા ફરિયાદ નોંધાવાઇ છે.

મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના કેદારીયા ગામે રહેતા ધીરૂભાઇ દેવશીભાઇ શિહોરા ઉવ.૫૭ એ હળવદ પોલીસ મથકમાં આરોપી વિપુલભાઇ શકુભાઇ મેવાડા, મુનાભાઇ દિલીપભાઇ રાજપરા તથા મુકેશભાઇ ચંદુભાઇ મકવાણા રહે બધા-હળવદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે આ રાત્રીના સમયે રીક્ષાના ફેરા કરતા આરોપી વિપુલભાઈ તથા આરોપી મુન્નાભાઈએ ૬૦૦ રૂપીયા પેસેન્જરો પાસે ભાડુ નક્કી કરતા પેસેન્જરો તેમની રીક્ષામાં નહી બેસતા થોડીવાર પછી ફરીયાદી ધીરુભાઈ આવીને ૪૦૦ રૂપીયા ભાડુ નક્કી કરતા પેસેન્જરો તેમની રીક્ષામાં બેસી જતા બંને આરોપીઓને સારૂ નહી લાગતા બંને આરોપીઓએ ધીરુભાઈને અપશબ્દો આપી પતાવી દેવાની ધમકી આપી તેમજ આરોપી વિપુલભાઈ એકદમ ઉશ્કેરાઇ જઇ ધીરુભાઈને ગાલે લાફો મારી મુંઢ ઇજા કરી અને આ દરમિયાન આરોપી મુકેધભાઈને બોલાવી લાવે ત્યારે આરોપી મુકેશ દ્વારા ધીરુભાઈને અપશબ્દો આપીને રીક્ષામાંથી ધોકા કાઢી પતાવી દેવાની ધમકી આપી હતી. બનાવ અંગે ધીરુભાઈ દ્વારા ત્રણેય આરોપીઓ સામે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# મોરબી એસઓજી પોલીસે માદક પદાર્થ મેફેડ્રોનના જથ્થા સાથે બે સગા ભાઈઓની કરી ધરપકડ

## એસઓજી પોલીસે ઇનોવા કાર, મેફેડ્રોન પાઉડર, ૫ મોબાઇલ, રોકડ સહીત રૂપિયા ૧૨.૫૮ લાખનો મુદામાલ જપ્ત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસઓજી પોલીસ ટીમે વાંકાનેર તાલુકા વિસ્તારમાં આવેલ મેસરીયા ચેક પોસ્ટ ખાતેથી ઇનોવા કારમાં નાર્કોટીક્સ માદક પદાર્થ મેફેડ્રોન પાવડરના જથ્થા સાથે નીકળેલા ટાઈલ્સના ધંધા સાથે સંકળાયેલ એવા બે સગા ભાઈઓની અટક કરી બંને આરોપી પાસેથી માદક પદાર્થ મેફેડ્રોનનો ૧૦.૭૬ ગ્રામનો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે એસઓજી પોલીસે બંને આરોપીઓ સામે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નાર્કોટિક્સ હેઠળ ગુનો દાખલ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એસ.ઓ.જી. ટીમ વાંકાનેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન વાંકાનેર બાઉન્ડ્રી થી વાંકાનેર તરફ આવતા મેસરીયા ગામ પાસે આવેલ ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગની કામગીરી કરતા હોય તે દરમ્યાન એક સફેદ કલરની ઇનોવા કાર રજી નં-જીજે-૦૩-એનબી-૪૭૦૮ નિકળતા તેને ચેક કરતા સદરહુ કારમાંથી નાર્કોટીક્સ માદક પદાર્થ મેફેડ્રોન પાઉડર વજન ૧૦.૭૬ ગ્રામ કિ.રૂ.૧,૦૭,૬૦૦/- નો મુદ્દામાલ મળી આવતા ઇનોવા કારમાં સવાર તરૂણભાઇ ધનજીભાઇ ફુલતરીયા તથા વિપુલભાઇ ધનજીભાઇ ફુલતરીયા બંને રહે.રવાપર ચિત્રકુટ સોસાયટી મોરબીવાળાની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી. એસઓજી પોલીસે મેફેડ્રોન પાઉડર રૂ.૧.૦૭ લાખ, ૫ નંગ મોબાઇલ રૂ. ૧ લાખ, રોકડા રૂ.૫૦ હજાર તથા ઇનોવા કાર રૂ.૧૦ લાખ એમ કુલ ૧૨.૫૮ લાખનો મુદામાલ જપ્ત કરી બંને આરોપીઓ વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો રજી. કરી આગળની વધુ તપાસ શરુ કરી છે.

# મોરબીમાં ગેરકાયદે ચાલતા બે ગેમઝોનના સંચાલક સામે ફરિયાદ દાખલ કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:રાજકોટ અગ્નિકાંડ બાદ સફાળું જાગેલ મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા બે ગેમઝોનના સંચાલકો વિરુદ્ધ કાયદાકીય પગલાં લેવામાં આવ્યા હતા. જેમાં ગેમઝોન ચલાવવાના લાયસન્સ કે ગેમઝોનમાં કોઈ પણ જાતના સલામતીના સાધન વિના ચલાવવામાં આવતા બંને ગેમઝોનના સંચાલક વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર મોરબી મામલતદાર કચેરીના ઇન્ચાર્જ સર્કલ ઓફિસર કૌશિકભાઈ ગણેશભાઈ ગામી દ્વારા મોરબી રાજકોટ હાઇવે ઉપરના થ્રિલ ચીલ ગેમઝોનના સંચાલક મિલનભાઇ વલમજીભાઇ ભાડજા રહે.મોરબી રામકો બંગ્લો પાછળ દેવપેલેસ ફ્લેટનં.૬૦૧ તથા મોરબીના એસપી રોડ ઉપર ચાલતા લેવલઅપના સંચાલક પ્રીન્સ અમૃતલાલ બાવરવા રહે.મોરબી રવાપર રોડ શ્રવણસેતુ એપાર્ટમેન્ટ બ્લોકનં.૧૦૧ વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ઉપરોક્ત બંને ગેમઝોનમાં માણસોની જીંદગીની સલામતી માટેના નિયમ મુજબના કોઇ સાધનો નહી રાખી બેદરકારી રાખી મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે ગેમઝોન ચલાવતા હોય તથા ગેમઝોન કોઈપણ પાસ કે પરવાના વગર ચલાવતા મળી આવેલ હોય ત્યારે મોરબી સીટી પોલીસે બંને ગેમઝોન સંચાલક આરોપી સામે આઇપીસી કલમ ૩૩૬ તથા જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના મોટી ભલસાણ ગામમાં બાજરીનો લોટ પાછો દેવાના પ્રશ્ને દુકાનદારે વૃધ્ધ ઉપર હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના મોટી ભલસાણ ગામમાં બાજરીનો લોટ પાછો દેવાના પ્રશ્ને દુકાનદારે વૃધ્ધ ઉપર હુમલો તેમજ જાતિ પ્રત્યે અપમાનિત કરી ઈજા પહોંચાડવા સબબ ફરિયાદ નોંધાવતા સ્થાનિક પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી ત્યારબાદ નાયબ પોલીસ અધિક્ષક દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.પ્રાપ્ત વિગત મુજબ જામનગર તાલુકાના મોટી ભલસાણ ગામે રહેતા કરસનભાઈ કાનાભાઈ નામના ૬૫ વર્ષના વૃધ્ધએ ગામમાં આવેલ યશપાલસિંહ જયેન્દ્રસિહ સોઢાની દુકાનેથી બાજરીનો લોટ લીધો હોય અને લોટ કડવો હોવાથી બદલાવવા ગયેલ. દરમ્યાન યશપાલસિંહ સોઢાએ બધો લોટ આવો જ છે. તમારે ના જોતો હોય તો, પાછો આપી દો. હું તમને પૈસા આપી દઉં છું તેવું જણાવતા કરશનભાઈએ બાજરાનો લોટ પરત આપેલ. બાદમાં ઉશ્કેરાયેલા યશપાલસિંહ સોઢાએ તેમને ગાળો કાઢી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી "લોટ તારી પાસે રાખ, તારી રીતે નાખી દેજે તેમ જણાવી છાતીના ભાગે ઢીકો મારી પ્લાસ્ટીકના પાઈપ વડે હુમલો કરતાં પડખામાં અને સાથળના ભાગે મૂંઢ ઈજાઓ પહોંચી હતી. જે બનાવ અંગે તેઓએ ફરિયાદ નોંધાવતા પોલીસે યશપાલસિહ સોઢા સામે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે

# જામનગરની પરણીતાએ દારૂડિયા પતિ સામે મારકૂટ અને ત્રાસ અંગે ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મોમાઈ નગર વિસ્તારમાં રહેતી એક પરણીતાએ ગોંડલમાં રહેતા પોતાના દારૂડિયા પ્રતિ સામે મારકુટ અને ત્રાસ અંગેની મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે પતિ સામે ગુનો નોંધી તપાસનો દોર ગોંડલ સુધી લંબાવ્યો છે.આ ફરીયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરના મોમાઈનગર શેરી નંબર -૩ માં રહેતી નીધીબેન અશ્વિનભાઈ મકવાણા નામની ૩૦ વર્ષની યુવતી, કે જેણે ગઈકાલે મહિલા પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, અને ગોંડલમાં રહેતા પોતાના પતિ અશ્વિનભાઈ ધીરુભાઈ મકવાણા સામે દારૂનો નશો કરીને અવાર નવાર શારીરિક ને માનસિક ત્રાસ ગુજારવા અંગેની ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી નિધીબેન ને તેણી નો પતિ અશ્વિન મકવાણા પોતાના લગ્નજીવન દરમિયાન અવારનવાર ઘરે દારૂ પીને આવતો હતો, અને પોતાને મારકુટ કરી ગાળો આપતો હોવાથી તેના ત્રાસથી કંટાળી ઘર છોડ્યું હતું, અને પોતાના માવતરે રહેવા આવી ગયા પછી આ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.જે ફરિયાદના અનુસંધાને પોલીસે સ્ત્રી અત્યાચાર ધારા હેઠળ ગુનો નોંધી તપાસ નો દોર ગોંડલ તરફ લંબાવ્યો છે.

# મોરબીના દરબારગઢ ખાતે નવગ્રહ મંદિરે શનિદેવ જયંતિ નિમિતે મહાપૂજા કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી: ભારતીય સનાતન સંસ્કૃતિ પ્રમાણે દેશમાં ન્યાયના દેવ એવા શનિદેવની જયંતિ વૈશાખ માસની અમાસના દિવસે ઉજવવામાં આવે છે. ત્યારે મોરબીમાં શનિદેવ જયંતિ પર્વની ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી છે. આ પ્રસંગે મોરબીના દરબારગઢ ખાતે આવેલ નવગ્રહ શનિદેવ મંદિરે મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.



મોરબીમાં શનિદેવ જયંતિ નિમિતે દરબારગઢ ખાતે આવેલ નવગ્રહ શનિદેવ મંદિરમાં શનિદેવ જયંતીના પર્વે શનિદેવની વિશેષ મહાપુજા કરી શનિપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. સવારથી જ બહોળી સંખ્યામાં ભાવિક ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું ત્યારે યોજેલ મહાપૂજાનો ઘણા લોકોએ લાભ લીધો હતો.

આ મહાપૂજાના કાર્યક્રમને સફળ બનાવવા નવગ્રહ શનિદેવ મંદિરના ટ્રસ્ટી નિકુંજભાઈ તથા કાર્યકરો તેમજ મંદિરના પૂજારી માધવભાઈ તેમજ હિતેષભાઇ પંડ્યાએ જહેમત ઉઠાવી હતી.

# બેભાન અવસ્થામાં સગીરા પર શખ્સે દુષ્કર્મ આચર્યાની ફરીયાદ નોંધાઇ

## દેવભૂમિ પંથકમાં રહેતી સગીરાને રાત્રે ફોન કરી બોલાવ્યા બાદ સોડામાં કંઇક નાખી પીવડાવતા બેભાન અવસ્થામાં તેણી પર શખ્સે દુષ્કર્મ આચર્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

દેવભૂમિ પંથકમાં રહતી એક સગીરાને રાત્રે ફોન કરી બોલાવ્યા બાદ સોડામાં કંઇક નાખી પીવડાવતા બેભાન અવસ્થામાં તેણી પર એક શખસે દુષ્કર્મ આચર્યાની ફરીયાદ નોંધાઇ છે. ૫ દિવસ પુર્વેના બનાવ મામલે દ્વારકા પોલીસે રૂપેણબંદરના શખસ સામે દુષ્કર્મ, પોકસો સહીતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.પોલીસસુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા પંથકમાં રહેતા એક પરીવારની સગીર વયની પુત્રીને આરોપી મયુદ્દીન ભીખુભાઈ સમા(રે. રૂપેણબંદર)એ ગત તા.૩૧ના રોજ રાત્રે દશેક વાગ્યા બાદ ફોન કરી બોલાવી હતી. જે બાદ આરોપી શખસે સોડામાં કંઇક નાખી સગીરાને પીવડાવી દિધુ હતુ.જે બાદ બેભાન જેવી થઇ જતા તેણી પર દુષ્કર્મ આચર્યુ હોવાનો બનાવ બહાર આવ્યો છે.આ સમગ્ર બનાવ મામલે ભોગગ્રસ્તના પરીજનની ફરીયાદ પરથી દ્વારકા પોલીસે આરોપી મયુદિન સમા સામે દુષ્કર્મ અને પોકસો એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પી. આઇ. ટી.સી. પટેલએ હાથ ધરી છે. આરોપીની શોધખોળ સાથે મેડીકલ પરીક્ષણ સહિતની તજવિજ સાથે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરના પોલીસ હેડ ક્વાર્ટરમાં રાજકોટ રેન્જના આઈજીપી તેમજ એસ.પી.ની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ના પોલીસ હેડ ક્વાર્ટરમાં વિશ્વ પર્યાવરણ દિવસની વિશેષ રૂપે ઉજવણી કરવામાં આવી હતી. રાજકોટ રેન્જના આઈજીપી તેમજ રેન્જના અલગ અલગ પાંચ જિલ્લાના એસપી સહિતના પોલીસ અધિકારીઓની હાજરીમાં વૃક્ષારોપણ કરાયું હતું. જેમાં નિષ્ણાંત ખેડૂત ની સહાયથી કેરીના ૮૮, નાળિયેરીના ૫૫ અને ૪૫ અલગ અલગ ફુટના રોપા નું સમગ્ર ગુજરાતભર માંથી એકત્ર કરી વૃક્ષારોપણ કરવામાં



આવ્યું હતું. જામનગરના પોલીસ વિભાગ દ્વારા સમગ્ર વૃક્ષો નો જતન કરવામાં આવી રહ્યું છે. રાજકોટ રેન્જ ના આઈ.જી.પી. અશોકકુમાર યાદવની અધ્યક્ષતામાં વિશ્વ પર્યાવરણ દિવસના પોલીસ હેડ ક્વાર્ટરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ તમામ અધિકારીઓના હસ્તે જામનગરમાં જ વસવાટ કરતા અને મૂળ કોડીનાર પંથક ના તજજ્ઞ ખેડૂત જયસિંહ મોરી કે જેઓ દ્વારા ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી આયાત કરેલા કેરીના ૮૮, નાળિયેરીના ૫૫, જાબું, ચીકુ, સીતાફળ, જામફળ સહિતના અલગ અલગ ૪૮ ફુટ મળી ૧૮૮ રોપા ને આયાત કર્યા પછી તેનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં નિયમ વગર ધમધમતા એકમો પર મહાનગરપાલિકાની સીલીંગની તવાઈ યથાવત

## ફાયર NOC વગરની વધુ ૫ શાળા ૩ કલાસ અને ૫ હોટલ સીલ કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામગનરમાં ફાયર એનઓસી વગર ધમધમતી વધુ ૫ શાળા, ૩ ટયુશન કલાસીસ અને ૫ હોટલ મહાનગરપાલિકા દ્વારા સીલ કરવામાં આવી છે. ફાયરના નિયમોનો અને વપરાશ પરવાનગી વગર ધમધમતા એકમો પર મનપાની તવાઇ યથાવત રહી છે. રાજકોટના ગેમઝોનની ભયાવહ દુઘર્ટના બાદ જામનગરમાં મહાનગરપાલિકા દ્વારા ફાયર એનઓસી અને વપરાશ પરવાનગી વગર ધમધમતા શૈક્ષણિક અને ધંધાકીય એકમો સીલ કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત છેલ્લાં પાંચેક દિવસથી



મનપાની ટીમ દ્વારા સીલીંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત મહાનગરપાલિકાની ટીમ દ્વારા ફાયર એનઓસી અને વપરાશ પરવાનગી વગર ધમધમતી ક્રિષ્ના સ્કૂલ, શાન કલાસીસ, લીટલ વર્લ્ડ પ્લેહાઉસ, જયમાતાજી હોટલ, ઇન્ડીયન, બુખારિયા રેસ્ટોરન્ટ, અતિથી રેસ્ટોરન્ટ અને ટવીકલ રેસ્ટોરન્ટ સીલ કરવામાં આવ્યા છે. મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં શહેરમાં કુલ ૭૨ શાળા, ૫૮ ટયુશન કલાસીસ, ૨૨ હોસ્પિટલ પાર્ટલી અને ૩૯ હોટલ-રેસ્ટોરન્ટ સીલ કરવામાં આવ્યા છે.

# ઉપલેટામાં ઠેકઠેકાણે ધમધમતા દેશી દારૂના હાટડાઃ પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં


## રેલ્વે સ્ટેશન સામે જ ધમધમતો દેશી દારૂનો અડ્ડો : જીલ્લા પોલીસવડા તાત્કાલિક પગલાં લે તેવી ઉઠતી માંગ

**મુખ્ય સમાચાર, જેતપુર**

ઉપલેટા શહેરમાં સ્મશાન રોડ ઉપર મચ્છુમાંના મંદિર સામે ખુલ્લેઆમ દેશી દારૂનો ધંધો ધમધમતો હોવાની ફરિયાદો શાંત પ્રજામાં ઉઠી છે.

લાગતું વળગતું પોલીસ તંત્ર આ બધું જાણતું હોવા છતાં કોઈ પગલાં ભરતું ન હોવાના આક્ષેપો થયા છે. સૌથી દુઃખની વાત તો એ છે કે દેશી દારૂ સાથે ગાંજો અને ચરસનો પણ કાળો કાળો બહાર ચાલી રહ્યો હોવાના જાણકારોના આક્ષેપો છે ત્યારે જોવાનું એ રહ્યું કે સ્થાનિક પોલીસ તંત્ર સ્મશાન રોડ પર ચાલતા દેશી દારૂના કારોબારને બંધ કરાવશે કે દારૂના બુટલેગરો સાથે મિલી ભગત કરીને બુટલેગરો સામે આખા કામ કરશે તે સમયે જ બતાવશે.

વિગતો એવી મળી રહી છે કે રાજકોટ જિલ્લાના ઉપલેટા શહેરમાં પંજાબી હોલ સ્મશાન રોડ ઉપર મચ્છુમાંના મંદિર સામે







અમુક બુટલેગરો ખુલ્લેઆમ દેશી દારૂ તેમજ ગાંજો અને ચરસ નો કાળો કારોબાર ચલાવી રહ્યા છે. શહેરમાં રેલ્વે સ્ટેશનની સામે જ ખુલ્લેઆમ દેશી દારૂનો અડ્ડો ચાલી રહ્યો છે.

જાણકારો કહે છે કે બહારગામથી અહીં આવતા શરાબીઓને દેશી કે વિલાયતી દારૂ ક્યાંય શોધવા જવું પડે તેમ નથી કારણકે રેલવે સ્ટેશનના પગથિયા ઉતરતા જ બરાબર સામે જ દેશી દારૂનો જમી રહ્યો છે. શહેર બહારના વ્યક્તિઓ જ્યારે ઉપલેટામાં આવે છે ત્યારે આશ્ચર્ય અનુભવે છે કારણ કે સ્થાનિક પોલીસ તંત્ર સાથે મિલી ભગત હોય તો જ આવી રીતે ખુલ્લેઆમ દેશી દારૂનો ધંધો થઈ શકે તેવું જાગૃત લોકોનું કહેવું છે.

જાણકારો એવી પણ માહિતી આપી રહ્યા છે કે ઉપલેટા શહેરમાં ભવાનીનગરમાં પણ ખુલ્લેઆમ દેશી દારૂ ના હાટડા ચાલુ છે. આ બધી જગ્યાએ દેશી દારૂ જોઈએ તેટલો મળી જતો હોય રોજ અનેક યુવા ધન દેશી દારૂની બદીમાં બરબાદ થઈ રહ્યું છે. જાગૃત લોકોનો આક્ષેપ છે કે ઉપલેટા શહેરમાં અનેક જગ્યાએ ચાલતા દેશી દારૂના ધંધા બંધ કરવા અગાઉ અનેક વખત સ્થાનિક પોલીસને રજૂઆત કરવામાં આવી છે.

પણ પોલીસ તંત્ર બુટલેગરો સાથે જાણે આર્થિક વહીવટથી બંધાઈ ગયું હોય તેમ પોલીસ બુટલેગરો ઉપર દારૂના દરોડા પાડી શકતી નથી. આ બાબતે જે હોય તે પરંતુ રાજકોટ જિલ્લા પોલીસ વડાએ પોલીસ તંત્રની એસઓજી અને એલસીબી જેવી પાંખો દ્વારા ઉપલેટા શહેરમાં દેશી દારૂના ધંધા ઉપર દરોડા પાડવા જોઈએ તેવું જાગૃત લોકો કહે છે.


### દારૂના બુટલેગરોની પોલીસને ખુલ્લી ચેલેન્જ રોક શકો તો રોક લો

ઉપલેટા શહેરમાં ઠેક ઠેકાણે વેચાતા દેશી દારૂના અડ્ડા કેમેરામાં કેદ કર્યા બાદ એવું સાબિત થઈ રહ્યું છે કે દારૂના બુટલેગરો સ્થાનિક પોલીસ તંત્રને રીતસરની ચેલેન્જ આપી રહ્યા છે અને મનોમન બોલી રહ્યા છે કે રોક શકો તો રોક લો. આ બાબતે જાગૃત લોકોનું કહેવું છે કે સ્થાનિક પોલીસ તંત્રને નિયમિત દેશી દારૂના બુટલેગરો હપ્તા પહોંચાડતા હોવાથી પોલીસ દેશી દારૂના અડ્ડા પર દરોડા પાડી શકતી નથી. હવે આ વાતને રાજકોટ જિલ્લા પોલીસ વડાએ તપાસવી જોઈએ તેવી જાગૃત લોકોમાં માંગ થઈ છે

# ફાયર એનઓસીના પ્રશ્ને ખાનગી શાળાઓને સીલ કરાતા સંચાલકોએ મ્યુ.કમિશનરને કરી રજૂઆત



(તસ્વીરઃ આનંદ જાવિયા)



અગ્નિકાંડના પગલે રાજકોટ મનપા ૧૨૧ ફાયર એનઓસી વગરની અનેક શાળાઓ સીલ કરાતા સંચાલકો આજે રજૂઆત કરવા મહાગરપાલિકાએ દોડી ગયા હતા. નોંધનિય છે કે, આવનારા દિવસોમાં જ ઉનાળું વેકેશન સમાપ્ત થઈ રહ્યું હોઈ શાળા ફરી શરૂ થવા થઈ રહી છે. ત્યારે તંત્ર દ્વારા સુરક્ષાના પૂરતા સાધનો ન હોવાને કારણે કેટલીક ખાનગી શાળાઓને સીલ કરી દેવામાં આવી છે. આજે શાળા સંચાલકોએ આ બાબતે મ્યુનિસિપલ કમિશનર દેસાઈને રજૂઆત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, દરેક નિયમો પાડવા બંધાયેલા છીએ. તંત્રએ પણ અમને સહકાર આપવો જરૂરી છે.

# આજથી ત્રણ દિવસ અગ્નિકાંડના પીડિતોની સાથે શહેર કોંગ્રેસના ત્રિકોણ બાગ ખાતે ધરણા-ઉપવાસ આંદોલનનો પ્રારંભ

## ઉપવાસી છાવણીમાં પ્લે કાર્ડ સાથે પીડિત પરિવારો અને શહેરની જનતા જોડાયઃ કોંગ્રેસના વોર્ડ પ્રમુખો, કોર્પોરેટરો, ધારાસભ્ય, પ્રદેશ કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં ધરણામાં ઉપવાસમાં જોડાયા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની યાદી મુજબ રાજકોટ ખાતે બનેલા ભયાનક અગ્નિકાંડમાં અનેક નિર્દોષની જીંદગી હોમાઈ ગઈ છે. અગાઉના અગ્નિકાંડ અને ગોઝારી ઘટનાઓમાં પીડિતોને ન્યાય મળેલ ન હોવાથી રાજકોટમાં ટીઆરપી ગેમ્સ ઝોનમાં પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિ મેદાને પડી છે. આજરોજ ત્રિકોણ બાગ ખાતે ઉપવાસી છાવણી નાખી અને વિવિધ પરિવારો અને રાજકોટના પ્રબુદ્ધ નાગરિક અને જનતાને સાથે રાખી અગ્નિકાંડ પીડિતોને ન્યાય અપાવવા અને ભીનુ સંકેલાય ન જાય એ માટે વિવિધ માંગણીઓ સાથે તારીખ ૭,૮,૯ જૂન ૨૦૨૪ એમ ત્રણ દિવસ માટે ઉપવાસ ધરણાનો કાર્યક્રમ આજથી ત્રિકોણબાગ ખાતે શરૂ કરવામાં આવેલ છે.

આ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની આગેવાનીમાં પ્લે કાર્ડ સાથે સરકાર વિરુદ્ધ દેખાવો કરવામાં આવેલ છે અને પીડિત પરિવારોને ફક્ત ચાર લાખ રૂપિયા પકડાવી દેવામાં આવ્યા છે. ખરેખર સરકારના ભ્રષ્ટ તંત્રને પગલે આ લોકોએ જીવ ગુમાવ્યા છે ત્યારે દરેક પીડિત પરિવારોને ૧ કરોડ રૂપિયાની માંગ કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવી છે.

પીડીત પરિવારોને ફરિયાદી તરીકે દાખલ કરવામાં આવે તદ ઉપરાંત એસઆઇટીમાં જાબાજ આઇપીએસ અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવે આ પ્રકારે વિવિધ માંગો સાથે લડાઈનો શુભારંભ રાજકોટના ઐતિહાસિક ત્રિકોણ બાગ ખાતેથી કરવામાં આવેલ છે.

આજના ઉપવાસ અને ધરણાના કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારાસભ્ય શ્રી જીગ્નેશભાઈ મેવાણી, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી લાલજીભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રી ઋત્વિકભાઈ મકવાણા, રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કિસાન સેલના પ્રમુખ પાલ આંબલીયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ એન.એસ.યુ.આઈના પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી, ગાયત્રીબા વાઘેલા, મહેશભાઈ રાજપુત, વશરામભાઈ સાગઠીયા, જશવંતસિંહ ભટ્ટી, સુરેશભાઈ બથવાર, શૈલેષભાઈ કપુરીયા, દીપ્તિબેન સોલંકી, હિરલબેન રાઠોડ, દિલીપભાઈ આસવાણી, રમેશ જુંજા, હરેશ ભારાઈ, અહેસાન ચૌહાણ, ચિંતન દવે, જીગ્નેશભાઈ ડોડીયા, નરેશભાઈ સાગઠીયા, જગદીશભાઈ સાગઠીયા, અવધેશભાઈ સેજપાલ, નાગજીભાઈ વિરાણી, જીતુભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર, ગોવિંદભાઈ સભાયા, વશરામભાઈ ચાંડપા, કંચનબેન વાળા, રસિકભાઈ ભટ્ટ, રણજીત મુંધવા, ગોપાલભાઈ અનડકટ, કૃષ્ણદતભાઈ રાવલ, હસમુખભાઈ બાંભણિયા, નિર્મલભાઇ મારુ, મેઘજીભાઈ રાઠોડ, રાજુભાઈ ચાવડીયા, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના કોંગ્રેસના આગેવાનો અને શહેરના પ્રબુદ્ધ નાગરિકો જોડાયા હતા.

# સ્કુટર સળગાવી જાહેરમાં ધમાલ મચાવનાર યુવતી સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ ઉપર વામ્બે આવાસ યોજના પાસે અકસ્માત સર્જી દાતરડું હાથમાં લઈ પોતાનું જ એક્ટીવા સળગાવી દેવાનો વિડીયો વાયરલ થતા તાલુકા પોલીસે વિડીયો આધારે યુવતિ સામે હથીયારધારા ભંગ અંગે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. સોશ્યલ મીડિયામાં ગઈકાલે વિડીયો વાયરલ થયો હતો જેમાં યુવતી જાહેરમાં હથિયાર કાઢી, ગાળો ભાંડી, પોતાનું એક્ટીવા સળગાવતી હોય તેવું જોવા મળતા તપાસ કરતા આ વિડીયો વામ્બે આવાસ યોજના પાસેનો હોય તાલુકા તાલુકા પાઈડીઓ પાઈ ડી એમ હરીપરા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી દરમિયાન આજુબાજુના વિસ્તારમા રહેતા લોકોની પુછતાછ કરતા આ વિડીયોમાં દેખાતી યુવતી ચાર માળિયા આવાસ ક્વાટરમાં ચોથા માળે રહેતી ભાનુમતી ચેતનભાઈ સાપરા ઉ.૩૦ હોવાની ઓળખ મેળવી તપાસ કરી તેણીને આ વિડીયો દેખાડ્યો હતો અને આ વિડીયો પોતાનો જ હોવાની કબૂલાત આપતા તેના વિરુદ્ધ આઈપીસી કલમ ૧૮૮ મુજબ જાહેરમાં હથિયાર રાખવાનો જાહેરનામાં ભંગનો ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી હતી.

# રેસકોર્ષ પાસે કોલેજીયન યુવક પર પ્રેમીકાના પરિવારજનોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં વિરાણી ચોકમાં રહેતાં અને આરકે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા યુવકને યુવતી સાથેની ફ્રેન્ડશીપ ભારે પડી હોય તેમ રેસકોર્ષ પાસે યુવતીના પરિવારોએ હુમલો કરી મારમાર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ વિરાણી ચોકમાં આવેલી રામદૂત શેરીમાં રહેતા અને આરકે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો દેવાંશ પરેશભાઈ જોષી નામનો ૧૮ વર્ષનો કોલેજીયન યુવન રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં રેસકોર્ષ નજીક હતો ત્યારે નિર્સંગ ત્રિવેદી સહિતના શખ્સોએ ઝઘડો કરી છરી અને પાઈપ વડે હુમલો કરી માર માર્યો હતો. હુમલમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસિપિટલ પોલીસ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરતા પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં દેવાંશ જોષી આરકે યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે અને હુમલાખોરની કુંટુબિક યુવતી સાથે તેને ફ્રેન્ડશીપ હતી. જેનો ખાર રાખી દેવાંશ જોષી ઉપર હુમલો કરાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પ્ર.નગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલીના સોનારડી ગામ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માતઃ બેના મોત પાંચને ઈજા

## કારચાલકે ત્રિપલસવારી બાઈકચાલકને ઠોકર મારતા ગંભીર અકસ્માતઃ જુનાગઢની બે મહિલા પણ ઘવાઈ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**



વંથલીના સોનારડી નજીક મધરાતે એક કાર ચાલકે ત્રિપલ સવારી બાઈકને ઠોકર મારીને ગંભીર અકસ્માત સજર્યો હતો. જેમાં કારમાં બેઠેલા જૂનાગઢના બે યુવકોના મોત થયા છે, જયારે કારમાં સવાર બે યુવતી સહિત ૪ અને બાઈક પર સવાર ૩ મળીને કુલ સાત વ્યકિતને ઈજાઓ થતા તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ભેંસાણના રાણપુર ગામના રાકેશ કાંતિભાઈ સિધ્ધપુરા ઉ.૩૨ ગઈકાલે જૂનાગઢ આવ્યા હતા, અને રાતે તેઓ તેમના નિકટતમ એવા ભરત, વિજય સાથે ત્રિપલ સવારીમાં બાઈક ઉપર મેંદરડા ગોલા ખાવા માટે નીકળ્યા હતા, અને રાતે ૧.૩૦ વાગ્યે તેઓ પરત આવતા હતા ત્યારે વંથલીના સોનારડી નજીક નવાગામ વચ્ચેના પુલ પાસે અચાનક કાર નંબર જીજે. ૦૬. જે કયું. ૬૫૦૦ ના ચાલકે બાઈકને ઠોકર મારીને પોતાની કારનો પણ અકસ્માત સજર્યો હતો.

કાર સુધી ઝાડ સાથે ટકરાઈ હતી, અને બાઈકમાં બેઠેલા રાકેશભાઈ કાન્તીભાઈ સિધ્ધપુરા (રાણપુર), ભરત ધીરજલાલ સિધ્ધપુરા (સિદસર), વિજય જમણ સિધ્ધપુરા (ડુંગરપુર) ને ઈજાઓ થયેલ હતી, તેઓએ ઉબા થઈને જોયું તો કારમાં બેઠેલા છ વ્યક્તિઓ જેમાં ચાર છોકરા અને બે યુવતીને પણ ઈજાઓ થયેલ હતી, તમામને સારવાર માટે ૧૦૮ માં સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેમાં કારમાં બેઠેલ નવાજ હારુન સુમરા ઉ.૧૯ (ખામધ્રોળ રોડ), હિરેન રાજેશ વાણવી ઉ.૩૨ (આંબેડકરનગર) નું મોત થયું હતું. જયારે કારમાં બેઠેલા અન્ય ગૌતમ કિશોર વડીયાતર (જુનાગઢ), આરતી હિતેશ કેસુર ઉ.૧૯ (સત્યમ એપાર્ટમેન્ટ), લક્ષ્મી વિષ્ણુદાસ દેસાણી ઉ.૧૯ (સુરેન્દ્રનગર), અમિત રમેશ ચૌહાણ ઉ.૨૩ (ધરાનગર) ને ગંભીર ઈજાઓ થયેલ હતી. આ અંગે રાકેશ સિધ્ધપુરાએ કાર ચાલક સામે વંથલી પોલીસમાં ફરિયાદ નોધાવી છે.

# ૧૯૬૨ હેલ્પલાઈન હેઠળ છાસિયા ગામે હોર્ન કેન્સરથી પીડાતા બળદનું કરાયું ઓપરેશન

**મુખ્ય સમાચાર, રાજકોટ**





રાજ્યભરમાં ૧૯૬૨ એનિમલ હેલ્પલાઈન અંતર્ગત અબોલ પશુઓની સારવારની કામગીરી કરવામાં આવી રહી છે. જે અનુસંધાને છાસિયા ગામ ખાતેથી એક સેવાભાવી વ્યક્તિએ ૧૯૬૨ એનિમલ હેલ્પલાઈન ઉપર હોર્ન કેન્સરથી પીડાતા બળદ અંગે જાણકારી આપી હતી. ફોન કોલ મળતાની સાથે જ ૧૯૬૨ એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચીને ડો. અભી ફોતરિયા અને પાઈલટ દિનેશભાઈ દ્વારા બળદનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને યોગ્ય સારવાર કરીને બળદને પીડામાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શ્રી પરેશભાઈ અને પ્રોજેક્ટ મેનેજર શ્રી પ્રિયાંકભાઈએ ટીમની કામગીરીને બિરદાવી હતી.

# મોરબીના દલવાડી સર્કલ નજીક રમી રહેલા બાળકને આંચકી ઉપડતા મોત નીપજ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબીના દલવાડી સર્કલ નજીક આવેલ પચીસ વારીયામાં રહેતા દિનેસભાઈ છગનભાઇ ભાભર ઉવ.૩૦ નો પુત્ર છોટુ ઉર્ફે રોહિતભાઇ દિનેસભાઈ છગનભાઇ ભાભર ગત તા.૦૫/૦૬ના રોજ દલવાડી સર્કલ પાસે આવેલ ખાલી કેનાલમાં રમી રહ્યો હતો.ત્યારે છોટુ ઉર્ફે રોહિતને રમતા રમતા આંચકી ઉપડતા તેને સારવાર અર્થે તેના પિતા દ્વારા તાત્કાલિક રિક્ષામાં સિવિલ હોસ્પિટલ લઇ આવતા ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યું હતું. એ ડિવિઝન પોલીસે મૃત્ય અંગે અ.મોતની નોંધ કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

# મારવાડી યુનિવર્સિટીના સ્ટાફ અને ફેકલ્ટીના સભ્યોએ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કેમ્પસમાં ૨૦૦ વૃક્ષો વાવ્યાં





**મુખ્ય સમાચાર, રાજકોટ**

૦૫ જૂન બુધવારના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવા માટે મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટી અને સ્ટાફના સભ્યોએ યુનિવર્સિટીના કેમ્પસમાં ૨૦૦ વૃક્ષો વાવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટી છેલ્લાં સતત ત્રણ વર્ષથી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવા માટે સક્રિયપણે વૃક્ષારોપણ કરી રહી છે. આ તમામ વૃક્ષોના રોપાઓ યુનિવર્સિટીને રાજ્ય સરકારના વન વિભાગ તરફથી પ્રાપ્ત થયાં હતાં.

કેમ્પસની અંદર તથા આસપાસના ગામો અને શાળાઓના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવાની આ પહેલ સમગ્ર વર્ષ દરમિયાન ચાલશે અને અંદાજે ૧,૦૦૦ જેટલા રોપાઓ વાવવામાં આવશે. ગત વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૩માં યુનિવર્સિટીએ લગભગ ૧,૦૦૦ રોપાઓ વાવ્યાં હતાં.

કેમ્પસની અંદર રોપવામાં આવેલા આ તમામ વૃક્ષોની જાળવણી યુનિવર્સિટીના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. જ્યારે કેમ્પસની બહાર રોપવામાં આવેલા વૃક્ષોને પાણી પીવડાવાની અને તેમને ઉછેરવાની જવાબદારી યુનિવર્સિટીના અધિકારીઓ દ્વારા ગામના સરપંચને અથવા તો શાળાના કેમ્પસના માલિકોને આપવામાં આવે છે.

# રાજકોટમાં ૨૭ જૂને જીલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે


**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજ્યના નાગરિકોના જીલ્લા કક્ષાના પ્રશ્નોનું નિવારણ ન્યાયિક તેમજ અસરકારક રીતે તે જીલ્લા કક્ષાએ જ થાય તે માટે ''સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે, જે અંતર્ગત રાજકોટમાં આગામી તા.૨૭/૦૬/૨૦૨૪ ના રોજ સવારે ૧૧ કલાકે કલેક્ટર કચેરી ખાતે ત્રીજા માળે સભાખંડમાં જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. જેમાં મહેસુલી તંત્ર, જિલ્લા પંચાયત, પોલીસ વિભાગ, PGVCL, GSRTC, પાણી પુરવઠા બોર્ડ નાં અધિકારીઓ તથા કલેકટરશ્રી પ્રશ્નો સાંભળશે.

આ અંતર્ગત લાંબા સમયથી નિકાલ ન આવતો હોય તેવા પ્રશ્નો રજુ કરી શકાશે. અરજદારનું પૂરું નામ, સરનામું, ફોન નંબર તેમજ અગાઉ પ્રશ્ન રજુ કરેલ હોય તો તેની માહિતી, પ્રશ્ન સંબંધે લાગુ પડતા ખાતાને કરેલી રજુઆતો અને પ્રત્યુત્તરો તેમજ જરૂરી આધારો તેમજ અરજદારની સહી સાથે સ્પષ્ટ અને મુદ્દાસર રીતે પ્રશ્ન રજુ કરવાનો રહેશે. રાજકોટ જિલ્લાના મહેસુલી તંત્રને લગતાં પ્રશ્નો જિલ્લા કલેકટર કચેરી ખાતે તા.૧૦/૦૬/૨૦૨૪ સુધીમાં રજૂ કરવાની રહેશે. તાલુકા કક્ષાના પ્રશ્નો તાલુકા કચેરીએ રજુ કરવાના રહેશે. અલગ વિષયના પ્રશ્નો માટે અલગ અરજી કરવાની રહેશે. અરજદાર પોતાના પ્રશ્નની જ રજૂઆત કરી શકશે. એક વખત રજૂ થઈ ગયેલા પ્રશ્નો, અધૂરી વિગતોવાળા, સરકારી કર્મચારીને લગતા પ્રશ્નો, કોર્ટ મેટર તેમજ અંગત રાગદ્વેષના પ્રશ્નો ધ્યાને લેવાશે નહિ, તેમ કલેકટર કચેરી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**









રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા ગત તા. ૫ જૂન - નવિશ્વ પર્યાવરણ દિવસથ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીની શરૂઆત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૧૯૭૨ માં કરવામાં આવી હતી. જેનો આશય જનમાનસમાં પર્યાવરણ અંગે જાગૃતિ વધે અને લોકો પર્યાવરણની સુરક્ષા કાર્યમાં સહભાગી બને તેવો છે.

રિજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા આ પ્રસંગે ઇકોફ્રેન્ડલી પ્રોડક્ટસનું એક્ઝિબિશન રાખવામાં આવ્યું હતું, જેમાં મીટ્ટીકુલ કંપની દ્વારા માટીના વિવિધ વાસણો, વાસુ ઇકો ફ્રેન્ડલી કંપની દ્વારા પેપરમાંથી બનાવેલ ડિસ્પોઝેબલ વસ્તુઓ, સંતૃપ્ત આહાર દ્વારા હેલ્ધી ફૂડ, વ્હીટસ ઓફ ગ્રીન દ્વારા પ્લાન્ટ બેઝ્ડ મિલ્ક પ્રોડક્ટ્સ , પંચગવ્ય હર્બલ પ્રોડક્શન દ્વારા આયુર્વેદિક વસ્તુઓ માથી ધૂપ-દીપ, 9R વેસ્ટેક કંપની દ્વારા વાંસમાંથી બનાવેલ બ્રશ,દાંતિયા જેવા ઈકો ફ્રેન્ડલી ઉત્પાદનોનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલ ઓપન સ્ટેજ પર્ફોમન્સ કાર્યક્રમ અંતર્ગત કવિ સંમેલન યોજાયું હતું, જેમાં આવેલ, જેમાં ડો સુમિત એમ. વ્યાસ, ઓમ દીપકુમાર, ખુશી દાફડા, ડો મીના જેઠવા, સોમદીપકુમાર વગેરે લોકોએ પર્યાવરણ પર કવિતા રજુ કરી હતી.

ફેન્સી ડ્રેસ શો અને ડાન્સમાં, શુભ રાઠોડ, નૈત્રી મહેતા, મોક્ષા વોરા,વ્યોમ શુક્લા જેવા નાના ભૂલકાઓએ પર્યાવરણને પ્રદર્શિત કરતા ડ્રેસનું નિદર્શન અને ડાન્સ રજુ કરેલ હતા.

ગાયન સ્પર્ધામાં ઓમદીપ કુમાર, મન આલાપ નિર્મલ,ભરતી ભટ્ટએ પર્યાવરણ પર ગીત ગાઈને લોકોને પર્યાવરણનો સંદેશો આપ્યો હતો. બાળકોની કલ્પનાનું પર્યાવરણનું ચિત્ર પણ દોરવામાં આવ્યું હતું જેમાં ઓમદીપ કુમાર, ખુશી દાફડા, સેજલ કન્જારીયા, સોમદીપકુમાર, પરી પટેલ, અનવી કાપડિયા, જયરાજ ભાનુંસાળી, આરવ કંદ્પાલ, મોક્ષ વોરાએ ભાગ લઇ રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ દ્વારા વિવિધ કલાઓ થકી લોકો સુધી પર્યાવરણના જતનનો સંદેશ રજુ કર્યો હતો.

આ ઉપરાંત સેન્ટરની મુલાકાતે આવનાર દરેક મુલાકાતીઓને પચાલો વૃક્ષ રોપીએથ પહેલ હેઠળ વૃક્ષોના બીજનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુલાકાતીઓ માટે ફ્લાવર મેકિંગ ફ્રોમ પ્લાસ્ટિક બોટલ એન્ડ બેગ, અને પોટ ઓફ લાઇફ જેવી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવી હતી.

# રાજકોટના મોટી લાખાવડ ગામે વિશ્વ પર્યાવરણ દિવસે કરાયું વૃક્ષારોપણ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**







અત્યારે પૃથ્વીનું તાપમાન સતત વધી રહ્યું છે ત્યારે વૃક્ષો વાવીને ગ્રીન કવર વધારવું એ સમયની માગ છે. જેને ધ્યાનમાં રાખીને પાંચમી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસે વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

રાજકોટ જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી પ્રાંત અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવાના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લાના મોટી લાખાવાડ ગામે રિલાયન્સ ફાઉન્ડેશન તથા સુખનાથ ટ્રસ્ટ દ્વારા લોક ભાગીદારીથી તૈયાર કરવામાં આવેલા ગ્રામવનની એક હેક્ટર જમીનમાં આશરે ૨૨ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ સાથે વધુ વૃક્ષો વાવીને તથા વૃક્ષોનો ઉછેર કરીને પૃથ્વીને હરિયાળી બનાવવામાં સહભાગિતા વધારવાની નેમ વ્યક્ત કરાઈ હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરમાં વધુ એક યુવાનની હત્યાથી ખળભળાટ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ધરાર નગર વિસ્તારમાં આવેલા વીર સાવરકર આવાસમાં આઠમાળના બિલ્ડિંગના ચોથા માળે રહેતા એક યુવાન પર મોડી રાત્રે છરી વડે હુમલો કરી હત્યા નિપજાવાઈ છે. જેમાં અનૈતિક સંબંધો કારણભૂત હોવાનું સામે આવ્યું છે. અને બે શખ્સોએ છરી વડે હુમલો કરી હત્યા નિપજાવી હોવાનું પોલીસમાં જાહેર થયું છે. જ્યારે મૃતકની પત્નીની પણ આ બનાવમાં શંકાસ્પદ ભૂમિકા હોવાથી પોલીસ તે દિશામાં પણ તપાસ કરી રહી છે. આ ચકચાર જનક હત્યાના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ધરારનગર નજીક વીર સાવરકર આવાસ ના અઠમાળીયા બિલ્ડિંગના ચોથા માળે ભાડા ના ફ્લેટમાં રહેતા ઇકબાલભાઈ ગનીભાઈ કુરેશી નામના ૩૫ વર્ષના યુવાન પર ગઈ રાત્રે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં બે શખ્સોએ છરીના પાંચ જેટલા ઘા ઝીંકી દઈ જીવલેણ હુમલો કરી દેતાં તેનું પોતાના ઘરમાં જ મૃત્યુ નિપજ્યું હતું, અને આ બનાવ હત્યામાં પલટાયો હતો. આ બનાવ અંગે મૃતકના ભાઈ ગુલામહુસૈન ગનીભાઈ કુરેશી એ પોલીસને જાણ કરતાં સિટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો, અને મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે, જયારે બે શખ્સો સામે હત્યા અંગેનો ગુનો નોંધ્યો છે.પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક ઈકબાલભાઈ ની પત્ની કરિશ્માબેન કે જેને નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા ઈમ્તિયાઝ બસીરભાઈ જોખિયા નામના શખ્સ સાથે અનૈતિક સંબંધો હતા, અને તેમાં પતિ આડખીલી રૂપ હોવાથી તેનો કાંટો કાઢી નાખવા માટે આ હત્યા નીપજાવાઈ હોવાનું પોલીસને જણાવાયું છે. મૃતક ના ભાઈ ગુલામહુસેન ની ફરિયાદ ના આધારે ઈમ્તિયાઝ બસીર ભાઈ જોખ્યા અને તેના કિશન નામના સાગરીત સામે હત્યા અંગેનો અપરાધ નોંધ્યો છે. સાથોસાથ મૃતક ની પત્ની કરીશમાં ને પણ આ હત્યાના બનાવમાં શંકા ના દાયરામાં રાખી છે, અને પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.મૃતક ઇકબાલ ડ્રાઇવિંગ કરતો હતો, અને તેના કરિશ્મા સાથે લગ્ન થયા પછી તેને ત્રણ સંતાનો છે. જે પૈકી એક સંતાન મૃતક ના માતા પાસે રહે છે, બીજું સંતાન કરિશ્મા પાસે હતું, અને ત્રીજુ સંતાન મૃતક ના ભાઈ સાચવતા હતા. જયારે કરિશ્મા પોતાના પતિ ઇકબાલથી અલગ નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતી હતી. જ્યાં ઈમ્તિયાઝ પણ રહે છે. ગઈ રાત્રે અચાનક કરિશ્મા પોતાના પતિ ઈકબાલના ઘેર મોડી રાતે આવી હતી, ત્યારબાદ થોડી વારમાં જ આરોપી ઈમ્તિયાઝ અને તેનો સાગરીત કિશન આવી પહોંચ્યા હતા, અને ઇકબાલ પર છરીના પાંચ ઘા ઝીંકી દઈ હત્યા નીપજાવી હતી. જે સમગ્ર બનાવની પોલીસ ઉંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે.

## મનપાના પૂર્વ ડે.ચિફ ફાયર ઓફિસર ઠેબા સામે અપ્રમાણસર મિલ્કત અંગે એસીબીએ ગુનો નોંધ્યો

### દસ્તાવેજી પુરાવા અને આવકનો સ્ત્રોત જોતાં ૭૯.૯૦ ટકા આવક બેનામી હોવાનું પુરવાર થયું, સત્તાવાર ધરપકડ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન આગકાંડની આગમાં કેટલાય ભ્રષ્ટાચારી અધિકારીઓના તપેલા થડી ગયાં છે અને હજુ કેટલાય અધિકારી ઘટનાની તપાસ કરતી ટીમ સીટની રડારમાં છે. જેમાં મુખ્ય ફાયર ઓફિસર ઇલેશ ખેર અને ડેપ્યુટી હાયર ઓફિસર ઠેબાની ઓફિસમાં કાઈમ ડીસીપી, ક્રાઈમ એસીપી, સીટ અને એસીબીની ટીમ ત્રાટકી હતી અને સગડ પુરાવા પણ બંને વિરુદ્ધ મળ્યા હોવાનું કહેવાય છે. દરમિયાન પોલીસને તપાસ દરમિયાન ડેપ્યુટી ચીફ ઓફિસર ઠેબા પાસેથી અપ્રમાણસર મિલકત મળી આવતા તેના વિરુધ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરવામા આવી છે.

આ અંગેની માહિતી મુજબ ગેમ ઝોનના હત્યાકાંડમાં મનપાના ટીપીઓ એમ.ડી. સાગઠિયા, એટીપીઓ ગૌતમ દેવશંકર જોષી, મુકેશ રામજી મકવાણા અને ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાની ધરપકડ કરી હાલ રિમાન્ડ પર છે. ઉપરાંત ફાયર વિભાગ ડેપ્યુટી ફાયર ઓફિસર બી. જે. હેબાને પણ મહાનગરપાલિકામાં ચાલી રહેલ મિટિંગ દરમિયાન જ કાઈમ બ્રાન્ચની ટીમે ઉઠાવી સઘન પૂછપરછ હાથ ધરી હતી. જેમાં ઘણાં ચોંકાવનારી વાત સામે આવતાં ફાયર અધિકારીઓનો પણ રોલ સામે આવ્યો હતો. દરમિયાન સોમવારે મોડી રાતે ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ સાથે સીટના અધ્યક્ષ ભરત બસિયા ટીમ સાથે ચીફ હાયર ઓફિસર ઇલેશ ખેર અને ડેપ્યુટી ફાયર ઓફિસર બી.જે.ઠેબાની ઓફિસમાં સઘન તપાસ હાથ ધરી હતી. જેમાં અગત્યના દસ્તાવેજો પોલીસને હાથ લાગ્યા હતા. થોડાં સમય પહેલાં રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાએ પણ ફાયર ઓફિસર ઠેબાએ ફાયર એનઓસી માટે રૂપિયાની માંગણી કર્યાનો સણસણતો આક્ષેપ કર્યો હતો. જેના આધારે એસીબીએ તમામ દસ્તાવેજો અને ઠેબાની આવકના સ્રોત ચકાસ્યા હતા. તેમા લાંબુ અંતર જોવા મળ્યુ હતું. આથી પુછપરછ દરમિયાન ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઠેબાના કાળા ચીઠ્ઠા ઓનપેપર ખુલતા તેમની સામે ૬૭.૨૭ ટકા અપ્રમાણસરની મિલકતનો ગુનો નોંધી ધરપકડ કરવામા આવી છે. આ ગુનો દાખલ થતા અન્ય અધિકારીઓ અને રાજકીય આલમમાં ખળભળાટ મચી ગયો છે.

## રૈયા રોડ પર હનુમાનમઢી ચોક પાસે યુવાન પર સરાજાહેર ખુની હુમલો

### તુ મારા ભાઈના પત્ની સામે ખરાબ નજરે કેમ જોવે છે તમ કહીં ત્રણ શખ્સો ધોકા, પાઈપ વડે તુટી પડયા : યુવાનના શરીરે ગંભીર ઈજા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલા હનુમાનમઢી ચોક પાસે સાંજના સમયે ત્રણ શખ્સોએ સરાજાહેર યુવાન પર ખુની હુમલો કરી હત્યા કરવાની કોશિશ કરતા ભારે ચકચાર મચી જવા પામી છે. બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસે નામચીન કચરા બંધુ સહિત ત્રણ શખ્સો સામે હત્યાની કોશિશનો ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ રૈયા રોડ પર હનુમાનમઢી પાસે આવેલ રામનગર શેરી નં.૩માં રહેતા સલીમભાઈ અબ્દુલભાઈ કારીયાણી (ઉ.વ.૬૧)નામના વૃધ્ધે ગાંધીગ્રામ પોલીસમાં નહેરૂનગરમાં રહેતો નામચીન ઈમરાન રમજાન કચરા, અખતર સોક્ત કચરા અને સુભાષનગરમાં રહેતો આફતાબ રફીક કચરા સહિત ત્રણ શખ્સો સામે હત્યાની કોશિશની ફરિયાદ નોંધાવી છે. વૃધ્ધે ફરિયાદમાં જણાવ્યું છે કે, તેનો દીકરો અલ્તાફ ગઈકાલે સાંજના ૭:૩૦ વાગ્યે રૈયા રોડ પર હનુમાનમઢી ચોક પાસે આવેલ નવઘણ ચાની હોટલ સામે હતો ત્યારે ઈમરાન, અફતર, આફતાબ ત્યાં લાકડાના ધોકા અને લોખંડના પાઈપ સાથે ધસી આવી અલતાફને કહેલ કે તું મારા ભાઈને પત્ની સામે ખરાબ નજરે કેમ જોવે છે. તેમ કહીં જેમ ફાવે તેમ ગાળો આપી આ ત્રણેય શખ્સોએ એક્સંપ કરી ધોકા અને પાઈપ વડે હુમલો કરી અલતાફને માથાના ભાગે મોઢા પર ગોઠણના ભાગે મારમારી જીવલેણ હુમલો કરી તેની હત્યા કરવાનો પ્રયાસ કરી નાસી ગયા હતા. બનાવ બાદ ગંભીર હાલતમાં અલતાફને સારવારમાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ ગાંધીગ્રામ પોલીસમાં કરવામાં આવતા પીઆઈ બી.ટી.અકબરી સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી જઈ હત્યાની કોશિશની ફરિયાદ નોંધી હુમલાખોરોની શોધખોળ આદરી છે.

## યુવરાજનગર અને વાલ્મીકી આવાસના ક્વાર્ટરમાં મારામારી

### રાજકોટના ગારીડા ગામે પરિણીતાનો ઝેરી દવા પી આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં સામાકાંઠે બાયપાસ રોડ પર યુવરાજનગરમાં અને પેડક રોડ પર વાલ્મીકી આવાસના કવાર્ટરમાં મારામારીના બે બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

પ્રથમ બનાવમાં યુવરાજનગર આજી ડેમ ચોકડી પાસે રહેતો વિશાલ રાયધન સિંધવ નામના યુવાનને પાડોસમાં રહેતો અજય ગોવિંદ ચૌહાણ તથા વિજય ગોવિંદ ચૌહાણ નામના બંને ભાઈઓએ તિક્ષણ હથિયાર વડે હૂમલો કરી ગાલ ઉપર ગંભીર ઈજા કરી નાસી જતા આજી ડેમમાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બીજા બનાવમાં પેડક રોડ પર આવેલ વાલ્મીકી આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા ઉષાબેન હિંમતભાઈ ગરીયલ નામની મહિલા પોતાના ઘરે હતી ત્યારે પાડોશમાં રહેતો કેવિન રાઠોડ મયુર રાઠોડ શૈલેષ પરમાર નામના ત્રણેય શખ્સોએ તેના દીકરા દૈવાંગ અને સાહેદ મિત્તલબેન સાથે ઝઘડો કરી મારમારતા બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. જયારે અન્ય બનાવમાં રાજકોટ તાલુકાના ગારીડા ગામે રહેતી રંજનબેન રાહુલભાઈ ધોરીયા (ઉ.વ.૩૨)નામની પરિણીતાએ ગઈ તા.૪/૬ના સાંજના સમયે પોતાના ઘરે કોઈ કારણોસર કોઈ ઝેરી પદાર્થ પી લેતા સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવ અંગેની જાણ એરપોર્ટ પોલીસને કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## રેલનગરમાં જેઠાણીએ મકાન પચાવી પાડતા દેરાણીનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રેલનગર વિસ્તારમાં જેઠના નામે લીધેલુ મકાન પચાવી પાડવાની જેઠાણીએ ધમકી આપતા દેરાણીએ ફિનાઈલ પી લીધુ હતું. પરણિતાને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ રેલનગરમાં સાધુવાસવાણી કુંજ રોડ પર રહેતી વૈશાલીબેન કિશનભાઈ વીઠલાપરા નામની ૨૮ વર્ષની પરણિતા પોતાના ઘરે હતી ત્યારે મધરાત્રે ફિનાઈલ પીધુ હતું પરિણીતાને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં કિશનભાઈ વિઠલાપરાએ તેના પિતરાઈ ભાઈ સુનિલ વીઠલાપરાના નામે મકાન લીધુ હતું. બાદમાં બંન્ને ભાઈઓ વચ્ચે અણબનાવ બનતા સુનિલભાઈ વીઠલાપરાની પત્નીએ મકાન પાચવી પાડવાની ધમકી આપતા વૈશાલીબેને ફિનાઈલ પી લીધુ હોવાનું જાણવા મળ્યું છે.

## ગોકુલનગરમાં પિતાના વિયોગમાં ઝેરી દવા પી લેનાર પુત્રએ દમ તોડયો

### આંબેડકરનગરમાં ડાયાબિટીસની બિમારીથી કંટાળી પ્રૌઢાએ જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સામાકાંઠે પેડક રોડ પર રહેતા યુવકના પિતાનું ૨૩ દિવસ પૂર્વે અવસાન થયું હતું. ત્યારે પિતાના મૌતના દુખમાં સરી પડેલા યુવકે આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

બીજા બનાવમાં આંબેડકરનગરમાં રહેતા અને ડાયાબિટીસની બીમારીથી પીડાતા પ્રૌઢાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવાર શોકમાં ગરક થયો છે.

આ અંગેની માહિતી મુજબ સંતકબીર રોડ પર ગોકુલનગર-૮માં રહેતા રાહુલ રાયધનભાઈ હુંબલ નામના (૨૫) નામના યુવકે પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લેતા સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. અને અહી તેનું ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું. બનાવની જાણ પોલીસને થતાં સ્ટફ હોસ્પિટલે દોડી આવ્યો હતો. અને પ્રાથમિક તપાસમાં જણાવા મળ્યું હતું કે, મૃતક પરિવારજનોએ જણાવ્યું કે, રાહુલ અપરણીત હતો.અને ડ્રાઈવીંગ કામ કરતો હતો.

બે ભાઈ અને એક બહેનમાં નાનો હતો. તેમના પિતા રાયધનભાઈનું બિમારી સબબ ૨૩ દિવસ પુર્વે અવસાન થયું હતું. જે પછી રાહુલ ગુમસુમ રહેતો હતો. જેથી પિતાના મોતના આઘાત લાગતા રાહુલે અંતિમ પગલું ભરી લીધાનું અનુમાન છે. બીજા બનાવમાં ગોંડલ રોડ પર આંબેડકરનગર શેરી નં-૧૪માં રહેતા વનિતાબેન વાઘજીભાઈ ચાવડા નામના ૫૫ વર્ષીય પ્રૌઢા ગઇકાલે પોતાના ઘરે હતા ત્યારે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

આ મામલે માલવિયા પોલીસે તેના મૃતદેહને પીએમ અર્થે ખસેડી પૂછતાછ કરતાં જાણવા મળ્યું હતું કે, તેને સંતાનમાં ત્રણ દીકરી બે દીકરા છે. અને પ્રૌઢા ડાયાબિટીસ અને સ્કીનની બીમારી હોવાથી તેનાથી કંટાળી આ પગલું ભર્યાનું જણાવ મળ્યું હતું.

## ફાયનાન્સર બિસુવાળાની પુત્રીની હત્યા કરનાર બે ભાઈ સહિતના આરોપીનો નિર્દોષ છુટકારા

### સાત વર્ષ પહેલાં બે સગાભાઈ સહિત પાંચ શખ્સોએ પ્રેમ પ્રકરણ બાબતે યુવતીનું અપહરણ કરી હત્યા કર્યા બાદ બારોબાર અંતિમવિધિ કરી નાંખી હતી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટીમાં રહેતા ફાઈનાન્સર બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર પરિવારમાં પ્રેમપ્રકરણ મામલે સગી બહેનનું અપહરણ કરીને ઝેરી દવા પીવડાવી જાનથી મારી નાખી બારોબાર અગ્નિસંસ્કાર કરી નાખવાના સાત વર્ષ પહેલાના ચકચારી કેસમાં સેશન્સ કોર્ટે બે સગાભાઈ સહિત તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટમાં સૌરાષ્ટ્રના કેન્દ્ર સોસાયટીમાં રહેતા ફાઈનાન્સર બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર બીસુભાઈ બહાદુરભાઈ વાળાની પુત્રી પુનમબેનના પ્રેમ પ્રકરણથી નારાજ બીસુભાઈ વાળાના પુત્ર બીરેન અને રાજવીર તથા તેના મિત્રો રઘુ નટુભાઈ ગીડા જસદણવાળા, ગૌતમ વજુભાઈ વાળા દડવાગામવાળા, મહેશગીરી ઉર્ફે મામુ (રહે જુનાગઢ) વગેરેએ પુનમબેનનું અપહરણ કરી જસદણ ગામની સીમમાં અરવિંદભાઈની વાડીએ લઈ જઈ બળજબરીથી ઝેરી દવા પીવડાવી તેનું મોત નીપજાવેલ હોય તેમજ ફરીયાદી બીશુભાઈની સંમતી વિના લાશના અગ્નિસંસ્કાર કરી નાખી ગુનો આચર્યાની બિસુભાઈ વાળાએ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આરોપી બિરેન બીસુભાઈ વાળા, રાજવીર બીસુભાઈ વાળા, ગૌતમભાઈ વજુભાઈ વાળા, રમેશગીરી ઉર્ફે મામુ ઉર્ફે મહારાજ દેવગીરી ગોસ્વામી અને રઘુવીર ઉર્ફે રઘુ નટુભાઈ ગીડા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીઓની અટક કરેલ હતી. તપાસનાં અંતે પોલીસ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ હતું. જે કેસ સેશન્સ કોર્ટમાં ચાલવા પર આવતા ફરીયાદ પક્ષે કુલ ૪૪ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા તથા કુલ ૩૧ સાહેદોને તપાસવામાં આવેલ. આ કેસનો પુરાવો નોંધાઈ રહયો હતો, તે દરમ્યાન ગૌતમભાઈ વજુભાઈ વાળા આરોપીનું ચાલુ કેસ દરમ્યાન મૃત્યુ થતા તેમની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ હતો. બીજી તરફ બચાવપક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે આ કેસમાં ફરીયાદી કે કોઈ સાહેદ નજરે જોનાર ન હોવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેમજ તમામ સાહેદો મરણજનારના કુટુંબીજનો છે. મરણજનારને આરોપીઓએ દવા પીવડાવેલ હતી તે અંગેનો એક પણ પુરાવો સાબીત થયેલ નથી. જે તમામ રજૂઆતો દલીલો ધ્યાને લઇ સેશન્સ કોર્ટે ચુકાદો આપતા ચુકાદામાં એવું અવલોકન કરેલ હતું કે, ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો તેમજ તે સંબંધે કરવામાં આવેલ ચર્ચાને ધ્યાને લેતા, મરણજનારનુ મૃત્યુ કુદરતી મૃત્યુ ન હતું. પરંતુ, સાપરાધ મનુષ્યવધ હતો તેવી હકિકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીઓ મરણજનાર પૂનમબેનનું મોઢુ પકડી મરણજનારને ઝેરી દવા પીવડાવી તેનુ મોત નીપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨, ૩૬૪ તથા ૧૨૦(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનુ પણ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોવાનુ જણાઈ આવે છે. આવું અવલોકન કરી તેમજ બચાવ પક્ષ દ્વારા રજૂ કરાયેલા વડી અદાલતના તેમજ સર્વોચ્ચ અદાલતનાં વિવિધ ચુકાદાઓને ધ્યાને લઈ એડી. સેશન્સ જજ એસ.વી. શર્માએ તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં તમામ આરોપીઓ તરફે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં એડવોકેટ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, કમલેશ ઉઘરેજા, રાકેશ ભટ્ટ, તારક સાવંત, જીજ્ઞેશ લાખાણી, ચેતન પુરોહિત અને ગૌરાંગ ગોકાણી રોકાયા હતા.

## બેડીપરાના યુવાનને આપઘાતની ફરજ પાડનાર પ્રેમિકાના પતિ સામે ફરિયાદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ગરૂડ ગરબી ચોકમાં પાંચ દિવસ પૂર્વે પ્રેમ પ્રકરણ મામલે સફાઈ કર્મીને બે શખ્સોએ માર મારતા તેને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બાદ તેમનું સારવારમાં મોત નિપજતા પરીવારજનોએ આરોપીની ધરપકડ કરી મરવા મજબૂરનો ગુનો નોંધવાની માંગ કરતાં અડધી રાત્રિના ડીસીપી અને પીઆઈ સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો. અને આરોપીઓ વિરૂધ્ધ મરવા મજબુર કર્યાની કલમ હેઠળ ગુનો નોંધવાની ખાત્રી આપતા મૃતદેહનો સ્વીકારવા કરવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં બેડીપરામાં રહેતા અને સફાઇ કામદાર તરીકે નોકરી કરતાં મનસુખ મોહનભાઈ ગોહેલ સાથે વીરૂ કિશોર વાઘેલા અને તેની પત્ની સફાઈ કામદાર તરીકે નોકરી કરતાં હતા. જ્યારે વિરૂને શંકા હતી. કે, તેની પત્ની સાથે મનસુખને આડ સંબધ છે. જેથી તેને મનસુખ સાથે ઝગડો કર્યો હતો. તે સમયે બંનેના પરિવારે વીરૂ અને મનસુખનું સમાધાન કરાવી આપ્યું હતુ. જ્યારે પાંચ દિવસ પૂર્વે મનસુખ રામનાથ પરા પાસે હતો. તે સમયે વીરુ અને તેનો સાળો પિન્ટુ ધસી આવ્યા હતા. અને તેની પત્ની સાથે સબંધ ન રાખવા ધમકી આપી માર માર્યો હતો. જેથી મનસુખે ઝેરી દવા ગટગટાવી લેતા તેને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. અને તેનું અહીં મોડી રાત્રિના મોત નીપજયું હતું. પરિવારજનોએ વીરૂ અને તેના સાળા સામે મરવા મજબૂરનો ગુનો નોંધી ધરપકડની માંગ સાથે ધરણાં પર ઉતરતા ડીસીપી જગદીશ બાંગરવા અને પીઆઈ બારોટ સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલે દોડી આવ્યો હતો. અને ગુનો નોંધવાની બાંહેધરી આપતા મૃતદેહ સ્વીકારી લીધો હતો. બીજા દિવસે આ મામલે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી સાળા-બનેવીની શોધખોળ શરૂ કરી છે.

## એસ.ટી. બસના મહિલા કંડકટરની પ્રામાણિકતાઃ ૧૦ લાખની રોકડ ભરેલો થેલો મુસાફરને પરત કર્યો

### જૂનાગઢ-કુતિયાણા રૂટની બસમાં મુસાફર રોકડ ભરેલો થેલો ભુલી ગયા બાદ ઉતરી ગયો હતો



**મુખ્ય સમાચાર, પોરબંદર**

જૂનાગઢ-કુતિયાણાની એસ.ટી.બસમાં મહિલા કન્ડકટરને ૧૦ લાખ રૂપિયાની રોકડ ભરેલો થેલો મળી આવતા તેણે ડેપો મેનેજરને સોંપ્યો હતો ડેપો મેનેજરે પોલીસને જાણ કરી મૂળ માલિક ને સોંપવા કાર્યવાહી હાથ ધરી છે.

જુનાગઢથી કુતિયાણા આવવા માટે એક મુસાફર દ્વારકા ડેપો સંચાલિત જુનાગઢ-પોરબંદર-દ્વારકા રૂટની બસમાં બેઠા હતા. અને તેઓ કુતિયાણા બસ સ્ટેન્ડ ખાતે ઉતરી ગયા હતા પરંતુ પોતાની સાથે રહેલો ૧૦ લાખ રૂપિયાની રોકડ રકમનો ભરેલો થેલો બસમાં જ ભુલી ગયા હતા.આ રૂટ ની ફરજ પરના કન્ડકટર દર્શનાબેન કાનગડને આ થેલો મળી આવતા તેમણે પોરબંદર ડેપોના સ્ટેન્ડ ઇન્ચાર્જ એચ. એમ. રૂઘાણીને જમા કરાવતા સ્ટેન્ડ ઇન્ચાર્જ દ્વારા આ બાબતની કમલાબાગ પોલીસ સ્ટેશન ને લેખિતમાં જાણ કરી છે.આ બાબતે જરૂરી કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયે તે રકમ રીલિઝ કરવામાં આવશે.